સામેરી- પછી પધાર્યા ગઢડે, હરિજનને હેતે કરી ।
રહી દિન થોડાઘણા, અમદાવાદ જાવા ઇચ્છા કરી ॥૧॥
પછી પ્રભુજી પધારીયા, શ્રીનગર સુંદર શ્યામ ।
દેવા દરશન દાસને, પુરવા હૈયાની હામ ॥૨॥
દાસ સહુ દિવસના, દરશન વિના દુઃખી હતા ।
તેને તે સુખ આપવા, આવ્યા સખા સમીપે શોભતા ॥૩॥
પુરપતિ રાજી અતિ, નરપતિ આવી નમિયો ।
દાઝ્યા કુમતિ કુમોદની, જાણી હરિ અર્ક ઉદય થયો ॥૪॥
હરિજન મન હુલસ્યાં, જેમ ફુલ્યાં કમળનાં વન ।
નાથ નયણે નિરખી, અતિ મન થયાં છે મગન ॥૫॥
પછી ગાતે વાતે ગામમાં, પ્રભુને પધરાવિયા ।
અવિદ્યા જનને ઉપરે, જીત્યના ડંકા વજાવિયા ॥૬॥
પાંચ દિવસ પુરમાં, આપે રહ્યા અલબેલ ।
પછી પોત્યે પધારીયા, સંગે સખા લઈ રંગરેલ ॥૭॥

કેક ચડ્યાં ચોતરે, કેક ચડ્યાં અગાશી અટારીયે ।
જુવે ઝરૂખા ગોખમાં, કઈક બેઠાં બારીયે ॥૮॥
પડે ધ્રોશ પડઘમતણી, ઘણી ભિડ્ય ચૌટા ચોકમાં ।
બાલ જોબન વૃધ્ધ વનિતા, બોલે જયજય લોકમાં ॥૯॥
નરનારીયે નાથ નિરખી, લાવો લીધો લોચનનો ।
મીટે મનોહર મૂરતિ, જોઈ પુર્યો મનોરથ મનનો ॥૧૦॥
દાસને દરશન દેતા, ધીરેધીરે હાલે હરિ ।
સમૂહ જન સનેહશું, નાથ નિર્ખે નયણાં ભરી ॥૧૧॥
પછી પોત્યે પધારીયા, પ્રભુજી પુરબારણે ।
અનેક જન જીવન જોઈ, વળી જાય વાલાને વારણે ॥૧૨॥
એમ દઈ દર્શન દાસને, ચાલ્યા દીનદયાળ ।
જનમન રંજન કરવા, હરિ આવિયા વેલાલ્ય ॥૧૩॥
અતિ ઉત્સવ કરી જને, પ્રભુ ઘેરે પધરાવિયા ।
ધૂપ દીપ કરી આરતી, ભાવે ભોજન થાળ ધરાવિયા ॥૧૪॥
રસેભરી રસોઈ કરી, પછી પરમહંસ જમાડિયા ।
આમ્રફળ હરિ હાથે આપી, મુનિ મોદ પમાડિયા ॥૧૫॥
પછી ત્યાંથી પધારીયા, આવી કણભે રજની રહ્યા ।
હરિપુર પ્રસાદ લઈ, મેમદાવાદે આવિયા ॥૧૬॥
દિધાં દર્શન દાસને, દયાળે દિન દોય તિયાં ।
સંતને સુખ આપતા, પછી વાલ્યમ વડથલ ગયા ॥૧૭॥
જનમન મગન થયાં, નાથ નયણે નિરખી ।
ગાતાં વાતાં ગામમાં, પધરાવિયા હૈયે હરખી ॥૧૮॥
તેને ભુવન ભાવ કરી, હરિ હેતે પધારીયા ।
દાસને દર્શન દઈ, નવલા તે નેહ વધારીયા ॥૧૯॥
જને સુંદર ભોજન કરાવી, જમાડ્યા જીવનને ।
પછી સર્વે સંતને, કરાવ્યાં ભોજનને ॥૨૦॥
શાક પાક સોયામણાં, આમ્રફળ ઉપર ફરે ।

હરિ મોદક લઈ હાથે, પીરસતાં મનુવાર કરે ॥૨૧॥
એમ સુખ અતિઘણું, આપી સુંદરશ્યામ ।
પછી પ્રભુજી પધારીયા, આવિયા ડડુસર ગામ ॥૨૨॥
દીધાં દરશન દાસને, જીવન ભવન તેને જઈ ।
નરનારી નાથ નિરખી, કૃતારથ થયાં કઈ ॥૨૩॥
એમ આનંદ આપતા, ઉમરેઠમાં હરિ આવિયા ।
બાળ જોબન વૃધ્ધના, મનમાં તે ઘણું ભાવિયા ॥૨૪॥
સમૈયે વળી સહુ મળી, આવિયાં નર ને નાર ।
ભાવ જોઈ ભવન તેને, પધારીયા મોરાર ॥૨૫॥
શહેરમાં સંઘ સામ્યો નહિ, પછી ઉતર્યા પુરબારણે ।
ઉંચે આસને બેઠા વાલો, દેવા દરશન કારણે ॥૨૬॥
પછી હરિજને હાથ જોડી, વાલાને વિનતિ કરી ।
ભોજન કરવા ઘેર અમારે, આવિયે આપે હરિ ॥૨૭॥
રસોઈ રસ રોટલીની, કરી છે તમ કારણે ।
જમી તમે જન જમાડો, આજ અમારે બારણે ॥૨૮॥
પછી પ્રભુજી પધારીયા, નિજજન હેતે જમ્યા હરિ ।
સંતને ભોજન કરાવી, ચાલિયા ત્યાંથી ફરી ॥૨૯॥
વાટમાં જે ગામ આવે, તેમાં વસે વરણ અઢાર ।
સહુ આવે દર્શને, ભાવે ભર્યાં નરનાર ॥૩૦॥
ત્યાંથી સામરખે શ્યામ આવી, રહ્યા હરિ ત્યાં રાત્ય ।
હેતે કરી હરિજનને, બહુ બહુ કરી ત્યાં વાત ॥૩૧॥
એમ આનંદ આપતા, આવ્યા આણંદ ગામ ।
અસ્વારી સંત સહિત હરિ, ભક્તવત્સલ સુખધામ ॥૩૨॥
પુરવાસી હરિજન સરવે, સામાં આવ્યાં નરનાર ।
દર્શન કરી મહારાજનાં, આનંદ પામ્યાં અપાર ॥૩૩॥
ઢોલ નગારાં વજાડીને, ઘેર પધરાવ્યા ઘનશ્યામ ।
જમાડ્યાં ભોજન ભાવતાં, પૂરણ કર્યાં નિજકામ ॥૩૪॥

કેશર ચંદન ભાવ કરી, પૂજિયા પૂરણબ્રહ્મ ।
પુરુષોત્તમ અક્ષરપતિ, કોઈ ન જાણે મર્મ ॥૩૫॥
ભાગ્યવંતે હરિ પૂજિયા, અભાગી રહ્યાં નર વામ ।
ત્યાંથી સંત હરિ હાલિયા, નિર્માની મન અભિરામ ॥૩૬॥
નિશાવાસ વરતાલ રહી, ગામ ગાને ગોવિંદ આવિયા ।
હેત જોઈ હરિજનનાં, એક રજની ત્યાં રહ્યા ॥૩૭॥
બીજે દિન બોચાસણે, આવિયા અવિનાશ ।
ત્યાં નિર્મળ જન નાથનો, તેનું નામ કાશીદાસ ॥૩૮॥
તિયાં પ્રભુજી પધારીયા, દયા કરી દીનદયાળ ।
હરિજન મન હરખિ, વળી પૂજીયા તતકાળ ॥૩૯॥
ધૂપ દીપ કરી આરતી, અતિ ભાવે ભૂધર જમાડીયા ।
પલંગ સુંદર પાથરી, પળ એક પ્રભુને પોઢાડીયા ॥૪૦॥
પછી મુનિજનને, જમાડવા પંગત્ય કરી ।
પરમહંસને પીરસવા, ત્યાં આવિયા આપે હરિ ॥૪૧॥
સંત જમાડી શ્યામળે, પછી સર્વેને શિખ કરી ।
પોતે પધાર્યા પાંચાળમાં, એમ આપી સુખ શ્રીહરિ ॥૪૨॥
પવિત્ર કરવા પૃથ્વી, એમ ફરે સુંદરશ્યામ ।
જેજે જને નિરખીયા, તે થયાં પૂરણકામ ॥૪૩॥
ધન્ય ધન્ય એ દેશ ગામને, ધન્ય સર સરિતા વન ।
ધન્ય એ વાપી કૂપને, જેનાં જળ પીવે જીવન ॥૪૪॥
ધન્ય ભવન એ જનનાં, જયાં પ્રભુનાં પગલાં થયાં ।
સત્ય વૈકુંઠ સરખાં, વળી કેમ કરી જાય કહ્યાં ॥૪૫॥
જીયાં જીયાં હરિ વિચર્યા, તિયાં પાપી કોઈ પ્રાણ તજે ।
તે જાય નહિ જમપુરમાં, રહે નહિ પાપ રજે ॥૪૬॥
એવી એ મોટી વારતા, પ્રાકૃત નર પ્રિછે નઈ ।
સમજે સંત શિરોમણી, જેની અપ્રાકૃત દૃષ્ટિ થઈ ॥૪૭॥
નિત્યે ચરિત્ર નાથનાં, જે સાંભળશે શ્રધ્ધા કરી ।

તે નર કાળની જાળમાંઇ, પડે નહિ પાછો ફરી ॥૪૮॥
પતિતને પાવન કરવા, ચરિત્ર છે ભગવાનનાં ।
સાંભળતાં સદ્ય શુધ્ધ થાય, જાય પાપ તે જનનાં ॥૪૯॥
વારમવાર વિસ્તાર કરી, ગાશે ગુણ ગોવિંદના ।
તે જન સર્વે દુઃખ વામશે, પામશે દન આનંદના ॥૫૦॥
હરિજન મન હુલશી, સુણી ચરિત્ર સુધાસમ સાર ।
અજ્ઞાનીને અભાવ થાય, લાગે સુમલ ખાર ॥૫૧॥
એમ સહુને સુખ આપ્યાં, જયેષ્ઠશુદી નવમીને દને ।
એટલી લીળા કરી હરિ, આવ્યા ઉત્તમને ભુવને ॥૫૨॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્રે શ્રીહરિ
ગઢડે પધાર્યા એ નામે બ્યાશિમું પ્રકરણમ્ ॥૮૨॥